

# બેંગલુરુ મેટ્રો ઠપ થતાં લોકો ટ્રકોમાં સવાર થયા!

**પીક** અવર્સમાં ટ્રેન ખોરવાતાં સિલ્ક બોર્ડ અને આઉટર રિંગ રોડ પર ટ્રાફિક જામ; કેબ અને ઓટો માટે કતારો લાગી

બેંગલુરુ, તા. 24 : બેંગલુરુ મેટ્રોની પર્પલ લાઈન પર ટેક્નિકલ ખામી સર્જાયા બાદ ઘણા મુસાફરો ઘર સુધી પહોંચવા માટે ટ્રકોનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. મંગળવારે સાંજે સોશિયલ મીડિયા પર આવા ઘણા વીડિયો વાયરલ થયા હતા. મુસાફરો ટ્રક, કેબ અને ઓટો દ્વારા ઘરે પહોંચ્યા હતા. મેટ્રો અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્યુબન પાર્ક મેટ્રો સ્ટેશન પર પર્પલ લાઈનની એક ટ્રેનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે સમગ્ર પર્પલ લાઈનને બંધ કરવી પડી હતી. પીક અવર્સ દરમિયાન મેટ્રો બંધ થવાને કારણે સ્ટેશનો પર મુસાફરોની લાંબી કતારો લાગી ગઈ હતી. આ કારણે હજારો મુસાફરો સ્ટેશન પર ફસાઈ ગયા હતા. મેટ્રો 5 કલાક બંધ રહી હતી. બુધવારે સવારે 5 વાગ્યે શરૂ થઈ. બેંગલુરુના ટેક પ્રોફેશનલ્સ માટે પર્પલ લાઈન મેટ્રોની સૌથી મહત્ત્વની લાઈન છે. બેંગલુરુમાં આશરે 25 લાખ આઈટી પ્રોફેશનલ્સ કામ કરે છે, જે શહેરની કુલ વસ્તીના લગભગ 20% છે. આ વિશાળ વર્કફોર્સ માટે સિલ્ક બોર્ડ અને આઉટર રિંગ રોડ વિસ્તારોના ભારે ટ્રાફિક જામથી બચવા માટે મેટ્રો સૌથી વિશ્વસનીય સાધન છે. આ લાઈન એટલા માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે સીધી શહેરના સૌથી મોટા આઈટી કોરિડોર વ્હાઈટફિલ્ડ અને આઈટીપીએલ (ઈન્ટરનેશનલ ટેક પાર્ક બેંગલુરુ)ને સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટ (એમજી રોડ, મેજેસ્ટિક, વિધાન સૌધ) સાથે જોડે છે. આ રૂટ પર આવતા મુખ્ય સ્ટેશનો દ્વારા દરરોજ લાખો ટેક કર્મચારીઓ પોતાની ઓફિસે પહોંચે છે. અહીં ટીસીએસ, ઈન્ફોસિસ, આઈબીએમ, કોગ્નિઝન્ટ, વિપ્રો, અને ઓરેકલ જેવી મોટી કંપનીઓની ઓફિસો આવેલી છે.

# મારા ત્રણ મહિલાઓ સાથે અફેર હતા: બિલ ગેટ્સનો ધડાકો

**ગેટ્સે** કહ્યું જેફ્રી એપસ્ટીને મને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો

**એપસ્ટીન** કેસની તપાસમાં સ્વેચ્છાએ જુબાની આપવા પહોંચ્યા માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક

**પરોપકારના** કાર્યો માટે એપસ્ટીન સાથે મુલાકાતો ચાલુ રાખવાના નિર્ણયને પોતાની મોટી ભૂલ ગણાવી



વોશિંગ્ટન, તા. 24: માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે અમેરિકી સંસદીય સમિતિ સમક્ષ બંધ બારણે આપેલી જુબાનીમાં ખુલાસો કર્યો છે કે તેમના ત્રણ મહિલાઓ સાથે અફેર હતા અને દિવંગત ગુનેગાર જેફ્રી એપસ્ટીને આ આડાસંબંધો મુદ્દે તેમને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ચોંકાવનારો ખુલાસો વર્ષ 2019માં જેલમાં મૃત્યુ પામેલા એપસ્ટીનના નેટવર્ક અંગે ચાલી રહેલી તપાસ દરમિયાન થયો હતો. બિલ ગેટ્સે 10 જૂને સ્વેચ્છાએ સમિતિ સમક્ષ જુબાની આપી હતી, જેની વિગતો મંગળવારે જાહેર કરવામાં આવી હતી. બિલ ગેટ્સે સ્વીકાર્યું કે એપસ્ટીન બે રશિયન મહિલાઓ–બ્રિજની ખેલાડી મિલા એન્ટોનોવા અને ન્યુક્લિયર ફિઝિસિસ્ટ કરિમા નિગ્માતુલીના સાથેના તેમના સંબંધો વિશે જાણતો હતો, જ્યારે ત્રીજું અફેર મેડિકલ ઉદ્યોગ સાહસિક એલિસ જેકોબ્સ નેસેલરોડ સાથે હતું. ગેટ્સે જણાવ્યું કે આ સંબંધો તેમના પરિવાર માટે પીડાદાયક હતા અને એપસ્ટીન આ માહિતીનો ઉપયોગ તેમના પર ફરીથી સંબંધો બાંધવા દબાણ કરવા માટે કરતો હતો. જોકે, ગેટ્સે એપસ્ટીનના ગુનાઓમાં પોતાની કોઈ પણ પ્રકારની સંડોવણીનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો અને તેની સાથે મુલાકાત રાખવાના નિર્ણયને પોતાની મોટી ભૂલ ગણાવી હતી.

# નીરવ મોદીને લંડન હાઈકોર્ટનો બેંક ઓફ ઈન્ડિયાને 11.5 મિલિયન ડોલર ચૂકવવાનો આદેશ

**ભારત** પ્રત્યાર્પણ મામલે નીરવે ફ્રાન્સની યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઇટ્સમાં અરજી કરી હોવાનું મનાય છે

લંડન, તા. 24 (પીટીઆઈ): લંડનની હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે ભાગેડુ હીરા વેપારી નીરવ મોદી પર્સનલ લોન ગેરંટી પર વ્યાજ સહિત બેંક ઓફ ઈન્ડિયાને 11.5 મિલિયન ડોલરથી વધુ ચૂકવવા માટે જવાબદાર છે.

55 વર્ષીય નીરવ મોદી હાલમાં પંજાબ નેશનલ બેંક (PNB)ના 2 બિલિયન ડોલરના કૌભાંડ અને મની લોન્ડરિંગ કેસમાં ભારત પ્રત્યાર્પણ સામે જેલમાંથી કાનૂની લડાઈ લડી રહ્યો છે. તેણે તેની સાથે સંકળાયેલી દુબઈની કંપની ફાયરસ્ટાર ડાયમંડ FZEને આપેલી લોન સંબંધિત પર્સનલ ગેરંટીની કાનૂની માન્યતાને કોર્ટમાં પડકારી હતી.

લંડન સર્કિટ કોમર્શિયલ કોર્ટના જસ્ટિસ સાઈમન ટિંકલરે મંગળવારે બેંક ઓફ ઈન્ડિયાની તરફેણમાં ચુકાદો આપતાં કહ્યું હતું કે ભારતીય કાયદા મુજબ આ પર્સનલ ગેરંટી રદબાતલ કે અમાન્ય નથી. કોર્ટે ઓક્ટોબર 2025માં નીરવ મોદીને મોકલેલી નોટિસને યોગ્ય ગણાવી હતી અને માર્ચ 2026 સુધીના વ્યાજ સહિત કુલ 11.5 મિલિયન ડોલરની રકમ ચૂકવવાનો આદેશ કર્યો છે, જેમાં આગામી સમયનું વ્યાજ પણ ઉમેરાશે. બેંક ઓફ ઈન્ડિયા વર્ષ 2018થી આ કેસ લડી રહી છે.

# ભારતમાં અસહ્ય ભેજવાળી ગરમીના દિવસોમાં મોટો વધારો

**1970ના** દાયકાની સરખામણીએ ભેજવાળી ગરમીના દિવસોમાં વર્ષે સરેરાશ 40 દિવસનો વધારો નોંધાયો આવા દિવસો વધવા ખૂબ જોખમી, તેનાથી ગંભીર અથવા જીવલેણ બીમારીઓ થઈ શકે

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): આહોબવ પરિવર્તનના કારણે ભારતમાં અસહ્ય અને ખતરનાક ભેજવાળી ગરમીના દિવસોમાં મોટો વધારો થયો છે. એક નવા વિશ્લેષણ મુજબ, ભારતમાં 1970ના દાયકા દરમિયાન વર્ષે સરેરાશ 101 દિવસ આવી ગરમી પડતી હતી, જે વધીને 2016-2025 વચ્ચે વર્ષે સરેરાશ 141 દિવસ થઈ ગઈ છે.

ખતરનાક ભેજવાળો ગરમ દિવસ ત્યારે ગણાય છે જ્યારે દૈનિક મહત્તમ વેટ-બલ્બ તાપમાન 25 ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ હોય. વેટ-બલ્બ તાપમાન એ ગરમી અને ભેજ બંનેને ભેગા કરીને મનુષ્યના શરીર પર પડતી વાસ્તવિક ગરમીની અસર માપે છે. આવા દિવસો વધવા ખૂબ જોખમી છે કારણ કે ભેજવાળી ગરમીના લીધે શરીરની ઠંડા થવાની મુખ્ય પ્રક્રિયા એટલે કે પરસેવો વળવો ખોરવાઈ જાય છે, જેનાથી ગંભીર અથવા જીવલેણ બીમારીઓ થઈ શકે છે.

આબોહવા પર સંશોધન કરતી વૈજ્ઞાનિકોની સ્વતંત્ર સંસ્થા ક્લાઈમેટ સેન્ટ્રલ દ્વારા બુધવારે આ વિશ્લેષણ બહાર પાડવામાં આવ્યું છે. માત્ર ભારત જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ આવા દિવસોની સંખ્યા 1970ના દાયકાના સરેરાશ 10 દિવસથી બમણી થઈને 2016-2025 વચ્ચે વર્ષે 23 દિવસ થઈ ગઈ છે. સૌથી મોટો વધારો ઉષ્ણકટિબંધીય ભેજવાળા વિસ્તારોમાં થયો છે જ્યાં તાપમાન હંમેશાં જોખમી સપાટીની નજીક રહે છે.

## પેજ3

## ‘તારક મહેતા કા ઉલટા ચશ્મા’ના બાઘાના પિતાનું નિધન



મુંબઈ, તા. 24: ‘તારક મહેતાના ઉલટા ચશ્મા’માં બાઘાની ભૂમિકા ભજવનાર તન્મય વેકરિયાના પિતા અને થિયેટર કલાકાર અરવિંદ વેકરિયાનું નિધન થયું છે. તન્મય હાલમાં ખૂબ જ શોકમાં છે. સિને અને ટીવી આર્ટિસ્ટ એસોસિએશને આ સમાચારની પુષ્ટિ કરી છે. અને વરિષ્ઠ કલાકારને શ્રદ્ધાંજલિ આપી હતી. અરવિંદ વેકરિયા ગુજરાતી રંગભૂમિમાં એક જાણીતું નામ હતું અને ઘણાં વર્ષોથી સિનેમામાં કામ કરી રહ્યા હતા. અરવિંદ વેકરિયાએ માત્ર રંગમંચ પર જ નહીં, પરંતુ ટેલિવિઝન અને ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

## ઝહીર-સોનાક્ષીએ થાઈલેન્ડમાં ઉજવી બીજી એનિવર્સરી



મુંબઈ, તા. 24 બોલિવૂડના સૌથી પ્રેમાળ અને ચર્ચામાં રહેતા કપલ્સમાંથી એક સોનાક્ષી સિંહા અને ઝહીર ઇકબાલ પોતાના લગ્નની બીજી વર્ષગાંઠ મનાવી રહ્યા છે. 23 જૂને આ સુંદર યુગલના લગ્નને પૂરા બે વર્ષ થઈ ગયા છે. આ ખાસ અને અત્યંત રોમેન્ટિક દિવસની ઉજવણી કરવા માટે બંનેએ ભારતથી દૂર થાઈલેન્ડના સુંદર આઈલેન્ડ ફૂકેટને પસંદ કર્યો હતો. સોનાક્ષીએ પોતાના આ વેકેશનની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે, જે ઇન્ટરનેટ પર આવતાંની સાથે જ વાયરલ થઈ ગઈ છે. આ તસવીરો શેર કરતી વખતે સોનાક્ષીએ એક ખૂબ જ સુંદર કેપ્શન પણ લખ્યું, ‘‘આકાશે અમારી સાથે અમારી બીજી વર્ષગાંઠ મનાવી’’

# હવે લગ્નની કંકોતરી પર વર-કન્યાની જન્મતારીખ છાપવી પડશે

**મહારાષ્ટ્ર** સરકાર રાજસ્થાન પેટર્ન અપનાવવા સજ્જ; આગામી ૫ વર્ષમાં બાળ લગ્નનો દર ૧૦%થી નીચે લાવવાનું લક્ષ્ય

મુંબઈ, તા. ૨૪ (પીટીઆઈ) મહારાષ્ટ્ર બાળ લગ્નોની પ્રથાને ડામવા માટે લગ્નની આમંત્રણ પત્રિકાઓ પર વર અને કન્યાની જન્મતારીખ છાપવાનો નિયમ લાવવા પર વિચાર કરી રહ્યું છે. એમ મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ બુધવારે જણાવ્યું હતું.

વિધાનસભામાં ભાજપના સભ્ય અતુલ ભાતખલકર દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતાં તટકરે કહ્યું હતું કે, રાજ્ય આગામી પાંચ વર્ષમાં આ ગેરકાયદે પ્રથાના પ્રમાણને ૧૦ ટકાથી નીચે લાવવાનું લક્ષ્ય ધરાવે છે.

મહારાષ્ટ્ર સરકારે રાજસ્થાન સરકારને પત્ર લખીને લગ્નની આમંત્રણ પત્રિકાઓ પર વર અને કન્યા બંનેની જન્મતારીખ દર્શાવવાની તેમની પદ્ધતિનો અભ્યાસ કરવા વિનંતી કરી છે. મહારાષ્ટ્ર સરકાર ગ્રામીણ વિકાસ અને કાયદા તેમ જ ન્યાયતંત્ર વિભાગો સાથે પરામર્શ કરીને સમાન પદ્ધતિ અપનાવવાની વ્યવહારિકતાની તપાસ કરશે.

મંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, ૨૦૧૯-૨૧ના સર્વેક્ષણમાં મહારાષ્ટ્રમાં બાળ લગ્નનો દર ૨૧.૯ ટકા હતો, જે ૨૦૨૩-૨૪ના સર્વેક્ષણમાં ઘટીને ૧૯.૬ ટકા થયો છે, જ્યારે તાજેતરના સર્વેક્ષણમાં રાષ્ટ્રીય સરેરાશ આશરે ૨૦.૧ ટકા છે.

સત્તાવાળાઓએ ૨૦૨૫-૨૬ દરમિયાન અત્યાર સુધીમાં ૧,૪૩૪ બાળ લગ્નો અટકાવ્યા છે અને ૧૩૬ એફઆઈઆર નોંધી છે. ૨૦૨૪-૨૫માં કુલ ૧,૪૯૫ બાળ લગ્નો રોકવામાં આવ્યા હતા, જ્યારે ૨૦૨૩-૨૪માં ૧,૨૫૩ બાળ લગ્નો અટકાવવામાં આવ્યા હતા અને ૧૦૮ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

૨૦૨૨-૨૩માં ૯૩૦ બાળ લગ્નો અટકાવવામાં આવ્યા હતા અને ૮૧ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, જ્યારે ૨૦૨૧-૨૨માં આ આંકડો ૮૩૧, ૨૦૨૦-૨૧માં ૫૧૯, ૨૦૧૯-૨૦માં ૨૪૦ અને ૨૦૧૮-૧૯માં ૧૪૭ હતો, જ્યારે ૧૦ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

તટકરેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, “બાળ લગ્નો અટકાવવાની સંખ્યામાં થયેલા વધારાને બાળ લગ્નોમાં થયેલા વધારા તરીકે ન જોવો જોઈએ. તે સરકારી તંત્ર દ્વારા સુધારેલી તપાસ, રિપોર્ટિંગ અને દરમિયાનગીરી દર્શાવે છે.”


KALAMANDIR
કલામંદિર નો સ્માર્ટ ભાવ
22KT દાગીનાનો ભાવ ₹12,999 પ્રતિ ગ્રામ
+ 7% ની ઘડામણ ₹910 પ્રતિ ગ્રામ
આજનો સ્માર્ટ ભાવ મજૂરી સહીત ₹13,909 પ્રતિ ગ્રામ +GST
ફક્ત 7%
પોલકી | એન્ટિક | પ્લેન
MUMBAI | AHMEDABAD | SURAT | VAPI | BHARUCH | KOSAMBA
CONTACT NO. +91 95109 70230 | 80000 36001

RCI RAVI CHHAWCHHARIA's® INSTITUTE
CA Intermediate May 2026
3 in Top 5 of Surat





AIR 24 Henil Jain 463/600
AIR 30 Vinay Gangwal 457/600
AIR 42 Jal Shah 443/600
7 times 1st in Surat in last 8 exams
Rishabh Soni 428/600 missed AIR by 7 marks Scored 97 in Costing
Subject Highest
Adv. Acc. Vinay Gangwal 93
Taxation Jal Shah 74
Auditing Rishabh Soni & Jal Shah 74
Corp. Law Henil Jain 69
Costing Rishabh Soni 97
FM - SM Henil Jain 81
RCI Rocks





Setting Benchmarks, imparting meaningful Education!
Regent Arcade, Ghod dod Road, SURAT 9898202702, 9104602702


# યુરોપમાં આકરો ઉનાળો: ગરમીના તમામ રેકોર્ડ તૂટ્યા

**બ્રિટનમાં** જૂન મહિનાનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ નોંધાયો

**‘હીટ** ડોમ’ના કારણે પશ્ચિમ યુરોપ ભયાનક હીટવેવની ચપેટમાં, લંડનથી લઈને મિલાન સુધી જીવન માટે જોખમી ગરમીની ચેતવણી

**ફ્રાન્સ** અને બ્રિટનમાં 1000થી વધુ શાળાઓ બંધ કરાઈ

**ફ્રાન્સમાં** ગ્રીડ ફેલ થતાં હજારો ઘરોમાં વીજળી ગુલ થઈ, ઇટાલીના 16 મુખ્ય શહેરોમાં હાઇ એલર્ટ જાહેર કરાયું રેલવે અને વિમાની સેવાઓ પર વ્યાપક અસર



લંડન, તા. 24 (એપી): પશ્ચિમ યુરોપ પર સર્જાયેલા ‘હીટ-ડોમ’ (ગરમ હવાને એક જગ્યાએ રોકી રાખતી સિસ્ટમ)ના કારણે સમગ્ર મહાદ્વીપમાં તાપમાનનો પારો રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે. યુકે અને ફ્રાન્સ સહિતના દેશોમાં જૂન મહિનાના ઈતિહાસની આ સૌથી ભયાનક ગરમી છે.

યુનાઈટેડ કિંગડમમાં જૂન મહિનાનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ નોંધાયો છે. સરેમાં 35.7 સેલ્સિયસ તાપમાન નોંધાયા બાદ વેસ્ટ સસેક્સના વિગનહોલ્ટમાં પારો 35.8 સેલ્સિયસ અને કેટલાક ભાગોમાં 36 સેલ્સિયસને આંબી ગયો હતો. આ પહેલાં વર્ષ 1976માં 35.6 સેલ્સિયસનો રેકોર્ડ હતો.

### ફ્રાન્સ, ઇટાલી અને સ્પેનની સ્થિતિ

**ફ્રાન્સ:** ફ્રાન્સમાં મંગળવાર ઇતિહાસનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો, જ્યાં રાષ્ટ્રીય સરેરાશ તાપમાન 29.8° સેલ્સિયસ નોંધાયું હતું. ગરમીના કારણે એફિલ ટાવર અને લુવર મ્યુઝિયમના કલાકો મર્યાદિત કરાયા છે. ગ્રીડ ઓવરલોડ થવાને કારણે બ્રિટ્ટેની પ્રદેશમાં 68,000થી વધુ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. કાર્પેન્ટ્રાસ શહેરમાં કારમાં ફસાઈ જવાથી બે માસૂમ બાળકોનાં મોત થયાં છે.

**ઇટાલી:** રોમ, મિલાન અને ફ્લોરેન્સ સહિત 16 મુખ્ય શહેરોમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે, જે સામાન્ય તંદુરસ્ત પુખ્ત વયના લોકો માટે પણ જોખમી છે. ફ્લોરેન્સમાં તાપમાન 41 સેલ્સિયસ સુધી પહોંચવાની સંભાવના છે. મિલાનના ફેશન શોમાં એર કન્ડીશનીંગ સિસ્ટમ ફેલ થતાં આયોજકોએ છેલ્લી ઘડીએ સ્થળ બદલવું પડ્યું હતું.

**સ્પેન અને અન્ય દેશો:** બેલ્જિયમ અને પોલેન્ડમાં પણ ઓરેન્જ અને રેડ એલર્ટ છે. જોકે, સ્પેનમાં બુધવાર સાંજથી ગરમીમાં થોડી રાહત મળવાની શરૂઆત થઈ છે.

# સંયુક્ત રાષ્ટ્રના નિરીક્ષકો ઈરાનની પરમાણુ સાઇટ્સની મુલાકાત લેશે

**અમેરિકા**-ઈરાન વચ્ચે થયેલી સમજૂતી મુજબ તહેરાનની પરમાણુ પ્રવૃત્તિઓની દેખરેખ IAEA દ્વારા કરવામાં આવશે

**આ** તપાસ આગામી થોડા દિવસોમાં ગમે ત્યારે શરૂ થઈ શકે છે

ટોક્યો, તા. 24 (એપી): સંયુક્ત રાષ્ટ્ર (UN)ની પરમાણુ એજન્સીના વડાએ બુધવારે સંકેત આપ્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધનો અંત લાવવા માટે થયેલી વચગાળાની સમજૂતીના ભાગરૂપે તેમના નિરીક્ષકો ઈરાનની પરમાણુ સંવર્ધન સાઈટ્સની મુલાકાત લેશે.

ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA)ના વડા રાફેલ મેરિયાનો ગ્રોસીનું આ નિવેદન અત્યાર સુધીનું સૌથી મક્કમ નિવેદન છે. વર્ષ 2025માં ઈરાન પર ઈઝરાયેલે કરેલા 12 દિવસના યુદ્ધ પછી, તેહરાન દ્વારા IAEA પર પરમાણુ સાઈટ્સની મુલાકાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઈરાન પાસે હાલમાં 60 ટકા શુદ્ધતા સુધી સંવર્ધિત યુરેનિયમનો મોટો જથ્થો હોવાનું મનાય છે, જે 10 પરમાણુ શસ્ત્રો બનાવવા માટે પૂરતો છે.

### યુએસ-ઇરાન કરાર પછી જ પરમાણુ નિરીક્ષણ થશે: ઇરાની રાજદ્વારી

ટોક્યો, તા. ૨૪ (એપી) એક ઇરાની રાજદ્વારીએ બુધવારે ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (એઆઈઈએ)ના વડાની ટિપ્પણીઓને ફગાવી દીધી હતી અને જણાવ્યું હતું કે, પરમાણુ મથકોનું નિરીક્ષણ યુએસ-ઇરાન વચ્ચેના અંતિમ કરાર પછી જ શક્ય બનશે. ડેપ્યુટી વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ એક્સ પર આ ટિપ્પણી કરી હતી. તેઓ જાપાનમાં રાફેલ મારિયાનો ગ્રોસી દ્વારા દિવસની શરૂઆતમાં કરવામાં આવેલા નિવેદનો પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા. ગરીબાબાદીએ લખ્યું, “ગ્રોસીની વિનંતી હોવા છતાં સ્વિટ્ઝર્લેન્ડમાં તેમની સાથે કોઈ બેઠક યોજાઈ ન હતી. તેમ જ એ સુવિધાઓ અથવા પરમાણુ સામગ્રી સુધી પહોંચવા માટેની કોઈ યોજના નથી જેના પર હુમલો કરવામાં આવ્યો હતો.” ગરીબાબાદીએ ઉમેર્યું: “આ મુદ્દાઓ પર સમીક્ષા અને નિર્ણય માત્ર એક અંતિમ કરારના માળખામાં જ કરવામાં આવશે અને તમામ પ્રતિબંધો તથા અન્ય પગલાંઓનો અંત લાવવા માટે વ્યવહારિક પગલાં લેવાના પરિણામ સ્વરૂપે જ થશે.” ગરીબાબાદીએ આગળ કહ્યું: “તમે મીડિયા પ્રચાર દ્વારા ‘ઉશ્કેરો અને કબજો કરો’ની નીતિને આગળ વધારી શકો નહીં.”


તમારાં જૂનાં બેંક ખાતામાં રાખેલાં નાણાં ભૂલી ગયાં છો?





જે તમારાં છે એ પાછાં મેળવવામાં આરબીઆઈ તમને સહાયતા કરશે.
તમારી બેંકના નિષ્ક્રિય ખાતાંમાં (2 વર્ષ કરતાં વધારે અને 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહેલાં) રહેલાં નાણાં/ દાવો ના કરાયેલ ડિપોઝિટ (10 વર્ષથી અધિક) આરબીઆઈના ડીઇએ ખાતામાં ટ્રાન્સફર થાય છે. તમે અથવા તમારા કાયદાકીય વારસદાર ગમે ત્યારે દાવો કરી શકે છે.
तमारां नाणां — તમારાં નાણાં માટે દાવો કરવાનાં 3 સરળ પગલાં
1. તમારી બેંકની કોઈપણ શાખાની મુલાકાત લો, એ ભલે તમારી નિયમિત શાખા ના હોય તો પણ
2. કેવાયસી દસ્તાવેજોની (આધાર, પાસપોર્ટ, વોટર આઈડી, અથવા ડ્રાઈવિંગ લાયસન્સ) સાથે ફોર્મ જમા કરો
3. ચકાસણી પછી, જો કોઈ હોય તો, તમારાં નાણાં વ્યાજ સહિત મેળવો.






તમારી દાવો ના કરાયેલ ડિપોઝિટ શોધવા
તમારી બેંકની વેબસાઇટ સર્ચ કરો અથવા આરબીઆઈનું UDGAM પોર્ટલ તપાસો (https://udgam.rbi.org.in) જેમાં હાલમાં 30 બેંક આવરી લેવામાં આવી છે.
વધુ વિગતો માટે: https://rbikehtahai.rbi.org.in મુલાકાત લો
પ્રતિસાદ માટે, rbikehtahai@rbi.org.in પર લખી મોકલો
ક્યૂઆર કોડ સ્કેન કરો
અધિકૃત વૉટ્સએપ નંબર 99990 41935
જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in